# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઈ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩૦/૧૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે.સેક્રેટરી જનરલ )

---

# એનર્જી ઈન્ટરનેશનલ પ્રદર્શનનો ઉદઘાટન સમારંભ યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે યોજાનારા પ્રદર્શન 'એનર્જી ઈન્ટરનેશનલ'નો ઉદઘાટન સમારંભ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરના પ્લેટીનમ હોલમાં યોજાયો હતો.જેમાં મુખ્ય મહેમાન તરીકે ધી આર્ટ ઓફ લિવીંગના ફાઉન્ડર ગુરૂદેવ શ્રીશ્રી રવિ શંકરજીએ ઉપસ્થિત રહી આશિર્વચન સાથે પ્રદર્શનનો શુભારંભ કરાવ્યો હતો.આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ટ્રેડ એન્ડ કોમર્સ શ્રી રાજેશ કુમાર ઈન્દુકાન્ત મોદી,રીન્યુએબલ એનર્જી પ્રમોશન એસોસીએશનના પ્રમુખ પ્રો. એ.જી.ઐયર , નવી દિલ્હી ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટના ચેરમેનશ્રી વિશ્વ મોહન બંસલ,વડોદરાની જીયુવીસીએલના ટેકનીકલ ડાયરેકટર શ્રી કે.એમ.ભુવા,ડીજીવીસીએલના એમ.ડી.સુશ્રી આદ્રા અગ્રવાલ,કાકરાપાર એટોમિક પાવર સ્ટેશનના સાઈટ ડાયરેકટર શ્રી એમ.પી.હાંસોરા,રીન્યુએબલ એનર્જી પ્રમોશન એસોસીએશનના પ્રમુખ પ્રો. એ.જી.ઐયર તથા સંસદ સભ્ય શ્રીમતી દર્શના જરદોશ તેમજ સુરત અને દક્ષિણ ગુજરાતના વ્યાપાર ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી હેતલ મહેતાએ આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના આવકાર વકતવ્યમાં જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા યોજાઈ રહેલા એનર્જી ઈન્ટરનેશનલ પ્રદર્શનના શુભારંભ માટે આપણને આંતરીક ઉર્જાને જગાડી એનો સમાજ સેવા અને અહિંસાના પ્રચારમાં ઉપયોગ કરી વિશ્વ સ્તરે નામના પ્રાપ્ત એવા ગુરૂદેવ શ્રીશ્રી રવિશંકરજી મળ્યા છે એ આપણું અહોભાગ્ય છે.આવનારા સમયમાં ઉર્જા ઉત્પાદનની સાથે સાથે જ ઉર્જા સંરક્ષણ અને ઉર્જાના સક્ષમ ઉપયોગનું મહત્વ પણ વધવાનું છે ત્યારે ચેમ્બરે આ પ્રદર્શન અને આંતરરાષ્ટ્રીય સ્તરની એનર્જી કોન્કલેવનું આયોજન કર્યું છે.તેમણે એમ પણ કહયું કે સુરત એવું શહેર છે જયાં ન્યુકલીયર,થર્મલ,ગેસ બેઝડ,નેપ્થા બેઝડ ,હાઈડ્રો અનેસોલાર એમ બધા પ્રકારની ઉર્જાનો વપરાશ થાય છે.સમારંભના મુખ્ય અતિથિ અને ધી આર્ટ ઓફ લિવીંગના ફાઉન્ડર ગુરૂદેવ શ્રીશ્રી રવિ શંકરજીએ કહયું હતું કે હું લગભગ દસેક વર્ષ બાદ સુરત આવ્યો છું અને જોઉં છું તો સુરતની સુરત જ બદલાઈ ગઈ છે.ગુજરાતમાં સુરતનું મહત્વ છે અને સુરતની વિશેષતા છે કે એ દરેક સિથતિમાંથી પોતાનો રસ્તો શોધી કાઢે છે.સુરતના લોકોમાં આંતરીક ઉર્જા ઘણી છે અને એટલે જ સુરતના માત્ર

હિરાઓ જ નથી ચમકતા પણ સુરતની પ્રતિભા વિશ્વભરમાં ચમકી રહી છે.તેમણે એમ પણ કહયું કે અમારા આશ્રમમાં પણ ઘણા સુરતવાસીઓ મહત્વની જવાબદારીઓ સંભાળી રહયા છે.તેમણે કહયું કે ઉર્જા ક્ષેત્રમાં ભારતમાં ઘણું કામ થઈ રહયું છે.દેશના અંતરીયાળ વિસ્તારોમાં પણ સોલાર પાવર પહોંચી રહયો છે.સુરતની ચેમ્બરે આ પ્રદર્શન યોજીને એનર્જી એફીશિયન્સી વિશે જાગૃતિ લાવવાનું જે કામ શરૂ કર્યું છે એ અભિનંદનને પાત્ર છે.તેમણે કહયું કે દરેક ક્ષેત્રમાં ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોર્સને પ્રોત્સાહન આપવું જોઈએ.તેમણે આ પ્રદર્શન અને કોન્કલેવ સફળ થાય એવી શુભેચ્છા પાઠવી હતી.

એ અગાઉ ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે હવે પછી યોજાનારા પ્રદર્શનોની જાણકારી આપી હતી.જેમાં સ્પાર્કલ,સીટેક્ષ,ઓટો અને ફુડ એન્ડ એગ્રો તથા જીઆઈડીસી કોન્કલેવનો સમાવેશ થાય છે.

એનર્જી ઈન્ટરનેશનલના ચેરમેન શ્રી અતુલ પાઠકે પ્રદર્શન અને એ દરમિયાન યોજાનારી એનર્જી કોન્કલેવ અને એનર્શિયા એવોર્ડ સમારંભ વિશે જાણકારી આપી હતી.

અતિથિ વિશેષ અને સુરતના સંસદ સભ્ય શ્રીમતી દર્શના જરદોસે પ્રાસંગિક વકતવ્ય રજુ કરતા કહયું હતું કે એનજી એટલે કે ઉર્જાને લગતા પ્રદર્શનનો શુભારંભ ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરજીના હસ્તે થાય એ બાબત સુચક છે કેમકે તેઓ આંતરીક ઉર્જાને જગાડનારા છે.

નવી દિલ્હીની ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટના ચેરમેનશ્રી વિશ્વ મોહન બંસલે કહયું હતું કે સુરત શહેરનો વિકાસ ધ્યાનાકર્ષક છે.તેમણે કહયું કે ગુરૂદેવ સાથે એમનો નાતો ઘણો જુનો છે અને એમના આશિર્વાદથી જ હું અહીં સુધી પહોંચ્યો છું.તેમણે કહયું કે સરકારે અમારી ઈન્સ્ટીટયૂટને પણ વિદેશમાં ઘણી તકો આપી છે અને એનર્જી ઈન્ટરનેશનલ પ્રદર્શનથી લોકોને ઘણો લાભ થશે.

રીન્યુએબલ એનર્જી પ્રમોશન એસોસીએશનના પ્રમુખ પ્રો. એ.જી.ઐયરે પ્રાસંગિક વકતવ્યમાં કહયું હતું કે એનર્જીના ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે જે ક્રમ પ્રચલીત છે એમાં ભારત ખરેખર તો અગ્રેસર છે પણ એની નોંધ લેવાતી નથી.ભારત એનર્જીના ઉત્પાદનમાં અને એફિશીયન્ટ એનર્જીમાં અગ્રેસર છે.એ વાત લોકો સુધી પહોંચાડવા માટે જ આ પ્રદર્શન દરમિયાન એનર્જી કોન્કલેવ યોજાઈ છે.એમાં નિષ્ણાંત વકતાઓની પેનલમાં એની ચર્ચા થનાર છે.તેમણે એમ પણ કહયું હતું કે હવે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ અને નવી ટેકનોલોજીને કારણે વધુ એનર્જી એફિશિયન્સી આવી શકશે.

અતિથિ વિશેષ અને  ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ટ્રેડ એન્ડ કોમર્સ શ્રી રાજેશ કુમાર ઈન્દુકાન્ત મોદીએ પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે હું અહી ઝિમ્બાબ્વેમાં વ્યાપાર ઉદ્યોગની તકો વિશે જાણકારી આપવા આવ્યો હતો.આ પ્રદર્શનમાં મને અતિથિ તરીકે તક આપવા બદલ ચેમ્બરનો આભાર.તેમણે કહયું કે ચેમ્બર ઝિમ્બાબ્વેમાં તકોની જાણકારી માટે સ્ટડી ટુર ગોઠવશે તો અમે પુરતો સહકાર આપીશું.ભારત અને ખાસ કરીને ગુજરાત સાથે વ્યાપારીક સંબંધો વિકસાવવા અમે આતુર છીએ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઈએ આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કર્યું હતું.